| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |


તા.૩૧/૦૧/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૦**

## ખુનના ગુનામાં નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

## સને ૨૦૧૫ની સાલમાં શંખેશ્વર તથા રાધનપુરમાં બે ડોક્ટર ભાઈઓના ખુનના ગુન્હામાં તથા વેજલપુર પોલીસ સ્ટેશનના ગેસ એજન્સીના કર્મચારીને લુંટ કરી મોત નિપજાવવા ત્રણ ખુનના ગુન્હામાં આજદીન સુધી નાસતો ફરતો આરોપી અતુલ ઉર્ફે અજીત ગેમરને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ સ્કોડના પો.સ.ઈ. શ્રી જે.ડી.બારોટ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે દાણીલીમડા, ખોડીયાર નગરના છાપરા પાસેથી વોન્ટેડ આરોપી અજીત ઉર્ફે અતુલ ગેમરભાઇ મકવાણા ઉ.વ.૩૯ રહેવાસી જુનો હરીજન વાસ, બંધવડ ગામ.તાલુકો રાધનપુર, જીલ્લો. પાટણનાને આજ રોજ તા.૩૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૨/૧૦ વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે,

આ કામના પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતા તેણે નીચે મુજબના ગુન્હાની કબુલાત કરી તમામ ગુન્હાઓમાં પોતે આજદીન સુધી નાસતો ફરતો હોવાની કબુલાત કરેલ છે,

સને ૨૦૧૫ ની સાલમાં પોતાના ગામની બાજુમાં આવેલ મેમદાવાદ ખાતે રહેતાં તુલસીભાઇ કાનજીભાઇ મકવાણા તથા તેનો ભાઇ કુટુમ્બીં ભાઈ પાટણ એસ.ઓ.જી. ખાતે હથિયાર સાથે પકડાયેલ હોય જે બાતમી પોતાના ભાઈ કિર્તી ગેમરે આપેલ હોવાની અદાવત રાખી તુલશીભાઈ તથા તેના ભાઈ વાઘજીભાઈએ પોતાના ભાઈ કિર્તી ગેમરને માર મારેલ હોય જેની અદાવત રાખી પોતે તથા કિર્તી ગેમર તથા તેના મિત્રોએ મળી શંખેશ્વર દાંતનુ દવાખાનુ ચલાવતા વાઘજીભાઈના દવાખાનામાં વહેલી સવારે ઘુસી જઈ શટર બંધ કરી પાઈપો તથા હથોડી વડે માર મારી તેના હાથપગ બાંધી દઈ મોઢા ઉપર સેલોટેપ મારી કોથળામાં પુરી તેની લાશ નર્મદા કેનાલમાં ફેંકી દીધેલ હોવાની કબુલાત કરેલ જે અંગે **શંખેશ્વર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૯/૨૦૧૫ ધી ઈ.પી.કો. કલમ ૩૦૨,૩૬૪,૩૬૫,૪૫૨,૧૨૦(બી),૧૧૪ મુજબ** નો ગુન્હો રજીસ્ટર થયેલ છે, જે ગુન્હામાં આ કામનો આરોપી આજદીન સુધી નાસતો ફરતો હતો,

ત્યાર બાદ આ ખુન કર્યા બાદ બપોરના સમયે રાધનપુર ખાતે દાંતનુ દવાખાનુ ચલાવતા તુલસીભાઈના દવાખાનામાં ઘુસી જઈ ઉપરોક્ત તમામ આરોપીઓએ છરાવડે છાતી તથા પેટના ભાગે ઘા મારી તુલસીભાઈનુ ખુન કરી નાખેલ અને ત્યાંથી ભાગી ગયેલ, જે સબંધે **રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૩૩/૨૦૧૫ ધી ઈ.પી.કો. કલમ ૩૦૨,૪૫૨,૫૦૬(૨) વિગેરે મુજબનો ગુન્હો** રજીસ્ટર થયેલ, જે ગુન્હામાં પણ આ કામનો આરોપી આજદીન સુધી નાસતો ફરતો હતો,

ત્યાર બાદ આ કામના આરોપી તથા તેના ભાઈ કિર્તી ગેમર તથા અન્ય આરોપીઓએ ભેગા મળી લુંટ કરવાના ઈરાદે વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જ્યોતિ ગેસ એજન્સીમાં ધુસી એજન્સીના એક કર્મચારી ઉપર હુમલો કરી તેને છરા વડે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી લુંટ કરી કરી નાશી ગયેલ જે સબંધે પણ **વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૭૦/૨૦૧૫ ધી ઈ.પી.કો. કલમ ૩૦૨,૩૯૩,૩૨૪,૧૨૦(બી) વિગેરે** મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ છે, જે ગુન્હામાં પણ આ કામનો આરોપી આજદીન સુધી નાસતો ફરતો હતો,

આ સિવાય પણ આ કામનો આરોપી તથા તેના ભાઈ કિર્તી ગેમરે અગાઉ ખોડીયાર નગરના છાપરા, દાણીલીમડા ખાતે સને ૨૦૦૭ માં રહેતા હતા તે વખતે પોતાની બેનની છેડતી કરનાર હરેશ પાલાભાઈ વણકરને પણ મો.સા. ઉપર બેસાડી વાસણા બેરજ લઈ જઈ તેને છરી વડે ધા મારી મોત નિપજાવી બેરજના પાણીમાં નાંખી દીધેલ જે ગુન્હામાં પકડાયેલ આરોપી પાંચ વર્ષ જેલમાં રહેલ છે,

# અપહરણના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## સગીરવયની બાળા તથા અપહરણકર્તા આરોપીને ઉત્તરપ્રદેશથી પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ ઇન્ચાર્જ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદારની આવી કોઇ રજુઆત/ફરીયાદ તો તાત્કાલિક ફરીયાદ દાખલ કરાવી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ નારોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૧૨/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ કલમ ૧૧(૬).૧૨,૩,૪,૫ (એલ), ૬,૮,૯(એલ),૧૦ મુજબના ફરીયાદીની સગીરવયની દિકરી ઉ.વ.૧૬ વર્ષ ૧૧ માસ નાનીને આરોપી/અપહરણકર્તા ઇમરાન અબ્દુલ મનાન અન્સારી ઉ.વ.૨૦ રહે.મ.નં.૯ આલમ ડુપ્લેક્ષ ગ્રીનપાર્કની સામે બાગે કૌશર નારોલ અમદાવાદ શહેર મુળ વતન મેરુડી માધૈયામોર તા:મુઝાના જી.બલરામપુર થાના ઉતરેલા યુ.પી.નાનો તા:૧૬/૧૧/૨૦૧૯ ના સાંજ ક.૨૦À૩૦ થી ૨૧À૩૦ દરમ્યાન ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી ભગાડીને લઇ જતા જે અંગે તાત્કાલિક ફરીયાદ દાખલ કરી ફરીયાદીની સગીરવયની દિકરીને આ કામનો આરોપી તેના મુળ વતન ખાતે ભગાડીને લઇ ગયેલ હોવાની હકિકત મળતા તાત્કાલીક નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેરનાઓની મંજુરી મેળવી પો.સ.ઇ.આર.આર.અમલીયાર તથા સ્ટાફના માણસોને આરોપીના વતન ખાતે મોકલી આપતા આરોપી ભોગ બનનાર સાથે તેના મુળ વતન પ્યાર બજાર મેરુડી માધૈયામોર તા:મુઝાના જી.બલરામપુર થાના ઉતરેલા યુ.પી. ખાતેથી આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળા/ભોગબનનારને શોધી કાઢી સદરી આરોપીને તા.૩૦/૧/૨૦૨૦ ના કલાક ૧૫/૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હોય જે પ્રશંસનીય કામગીરી નારોલ પોલીસ દ્વારા કરવામાં આવેલ છે.



## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૦૩૦/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૬૫, ૩૯૪ વિગેરે મુજબના ગુનાના આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૦ ૩૦/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૬૫, ૩૯૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૭૦, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના આરોપીઓને પકડી પાડવા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ. વી.આર. પટેલ તથા સ્ટાફના માણસો સાથે આરોપીની તપાસમાં હતા તે દરમ્યાન ખાનગી બાતમીદારથી મળેલ બાતમી હકીકત આધારે સદર ગુનાના આરોપીઓ નં-(૧) સાહીલ સ/ઓ મોહનભાઇ દેસાઇ ઉ.વ.૨૨ રહે- મ.નં-૧૨૭/૧૫૧૬, ગણેશ એપાર્ટમેન્ટ, શિવાલય એપાર્ટમેન્ટની બાજુમાં, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ શહેર તથા નં-(૨) હર્ષ ઉર્ફે બાબા સ/ઓ કનુભાઇ બારોટ ઉ.વ.૨૩ રહે- મ.નં-૯૩/૧૧૧૫, શ્રીનગર એપાર્ટમેન્ટ, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ શહેર તથા નં-(૩) સાહીલ ઉર્ફે ચકુ સ/ઓ મનહરભાઇ રાઠોડ ઉ.વ.૨૩ રહે-મ.નં-૬/૧૦૪, હરીઓમનગર, સોલા કોમ્પલેક્ષ, પાર્શ્વનાથ જૈન મંદિરની સામે, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ શહેરનાઓને અપહરણ તથા લુંટના કામે ઉપયોગમાં લીધેલ સફેદ કલરની આઇ-20 કાર નં- GJ-01-KP 6482 તથા લાકડી સાથે પકડી પાડી આરોપીઓને આજરોજ તા-૩૦/૦૧/૨૦૨૦ ના કલાક ૧૬/૦૫ વાગે અટક કરેલ છે તેમજ આગળની વધુ તપાસ ચાલુ છે.



# <u>ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સેટેલાઇટ પોલીસ સ્ટેશન :</u>

### <u>રૂ.૫૬ લાખના દાગીના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સેટેલાઇટ પોલીસ</u>

સેટેલાઇટ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૦૦૦૪૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૮, ૩૮૦, ૧૧૪ મુજબના કામના ફરીયાદી શ્રી નાઓની ફરીયાદના કામે તા.૨૭/૦૧/૨૦૨૦ ના કલાક ૧૩/૩૦ થી ૧૫/૦૦ વાગ્યા દરમ્યાનમા તેમની સોના-ચાંદીની આર.એસ. જવેલર્સની દુકાનમા બે અજાણ્યા ૪૦ થી ૪૫ વર્ષના આશરાના આવી સોનાના દાગીનાનો ભાવ પુછી ચોરી કરવાના અને વ્યથા કરવાના ઇરાદાથી ફરી.શ્રીને બેહોશ કરનારૂ અને તંદુરસ્તીને હાની કરનારૂ પદાર્થ સુંઘાડી ફરી.શ્રીને બેહોશ કરી ડિસ્પ્લે ટેબલમા પ્લેટમા રાખેલ તથા સ્ટોક કબાટના બોક્ષોમા રાખેલ સોનાની બુટ્ટીઓ તથા લક્કીઓ તથા ચેઇનો પેન્ડલો તથા પેન્ડલ સેટો વિગેરે મળી આશરે ૧૪૦ તોલા સોનાના દાગીના કિ.રૂ.૫૬,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી નાશી ગયેલ વિગેરે મતબલની ફરીયાદ લખાવેલ હોય જેમા પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સા.તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૭ સા. તથા મ.પો.કમિ.શ્રી એન ડીવી. નાઓની સુચનાથી

- જે ગુનાની તપાસ પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી સેટેલાઇટ પોલીસ સ્ટેશન નાઓ ચલાવી રહેલ
- સદરી ગુનામા મોટી રકમની ચોરી થયેલ હોય જેથી સદરી તપાસમા અલગ અલગ ટીમો બનાવી સતત આજુબાજુના સી.સી.ટી.વી કેમરા ચેક કરી આજુબાજુના લોકોને પુછપરછ કરી
- પો.ઇન્સ શ્રી નાઓએ અલગ અલગ ટીમો બનાવી બનાવ વાળી જગ્યાના આજુબાજુના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી તેમજ આવી ચોરીમા પકડાયેલ ઇસમો ઉપર સતત વોચ રાખી અને ખાનગી અને વિશ્વાસુ બાતમીદારો દ્વારા તથા આજુબાજુના લોકોને પુછપરછ કરી તથા ફરીયાદીના મો.ફોનમા રહેલ રેકોર્ડીંગ નો તથા કોલ ડીટેલનો સતત અભ્યાસ કરતા જેમા લેણદારોના ઉઘરાણીના વધુમા વધુ ફોન આવેલ હોય
- ફરી.શ્રી નાઓની દુકાનમા ફરીયાદમા જણાવ્યા મુજબનો ચોરીમા ગયેલ મુદ્દામાલ જેટલી વસ્તુ આજદિન સુધી પોતે દુકાનમા રાખેલાનુ જણાઇ આવેલ નહી તેમજ જુના ખરીદી અને વેચાણના બીલ ચેક કરતા પોતે ગ્રાહકોના ઓર્ડર મુજબનુ કામકાજ કરતા હોય જેથી
- ફરીયાદમા જણાવેલ હકીકત ઉપર પ્રથમથી જ શંકા જણાઇ આવેલ હોય જે આધારે તપાસમા રોકાયેલ પો.ઇન્સ શ્રી તથા ટીમના માણસો દ્વારા ફરીયાદી શ્રી ની યુક્તિ અને પ્રયુક્તિથી વૈજ્ઞાનીક ઢબે અને મેડીકલ ચેકઅપ કરાવી તેમજ ચોરીમા ગયેલ મુદ્દામાલના દાગીનાઓની ડીઝાઇન સબબ તથા વસ્તુ સબબ તથા બીલ તથા આધાર પુરાવા અંગે તથા અગાઉ ખરીદ-વેચાણ કરેલ દાગીનાના બીલ બાબતે ફરીયાદી શ્રી ને સતત પુછપરછ કરતા ફરી.શ્રી ભાગી પડેલ
- ફરી.શ્રી એ માર્કેટમાથી હાથ ઉછીના પૈસા લીધેલ હોય જેઓ પણ સમયસર પોતાની ઉઘરાણી કરતા હોય તેથી પોતે માનસીક તણાવમા આવી ગયેલ અને અમુક અમુક સમયે તેને આત્મહત્યા કરવાનુ પણ મન થતુ હોય પરંતુ તેના માતાપિતા તેમજ મારી પત્નિ તથા બહેનોનુ જોઇ મન માંડી વાળતો અને પૈસાની ઉઘરાણીથી સખત હેરાનગતી થતી હોય જેથી કરીને કંઇક કરવાનુ મન થતુ હોય જેથી એકલા એકલા મનમા નક્કી કરી લીધેલ કે ઉઘરાણી કરવા આવતા માણસો થોડો ટાઇમ ઉઘરાણી કરવા ન આવે અને પોતાની સોના ચાદીની દુકાન આર.એસ.જવેલર્સ ના નામે કટારીયા કંપનીનો રૂ.૯૦,૦૦,૦૦૦/- નો વીમો ઉતરાવેલ હોય જેથી આ મંદિના માહોલમા ચોરી અંગેની ખોટી ફરીયાદ કરૂ તો પોતે છેલ્લા સાત વર્ષથી ભરેલ પ્રિમીયમના પૈસા વસુલ થઇ જાય અને લેણદારોના પૈસા પણ ચુકવાઇ જાય તેવુ મનોમન વિચાર કરી દુકાનના સી.સી.ટી.વી. કેમેરાનુ રેકોર્ડીંગ પણ બંધ ઉપરોકત બનાવ મુજબની કહાની બનાવી ખોટી ફરીયાદ લખાવી હોવાની કબુલાત કરતા હોય જેથી હકીકતમા બનાવ બનેલ નહી અને પોતાની દુકાનમા કોઇ દાગીનાની ચોરી નહી થયેલાની હકીકત જણાવતા હોય જે અનુસંધાને ફરી.શ્રી વિરૂધ્ધમા આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે .

# જુગાર રમતા આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## જુગારનો ગણના પાત્ર કેસ પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ આસી.પો.સબ.ઇન્સ.ડી.આર.બાગુલ.નાઓની સાથે સર્વેલંસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.ન.૯૩૬૫ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે સંતોષીનગર ના કાચા છાપરા જાહેરમાં ગોળ કુડાળુ વાળી પૈસા પાના થી હારજીતનો જુગાર રમીરમતા જુગાર તથા અંગઝડતી તથા દાવના ના નાણા તથા મોબાઇલ ફોન તથા ગંજીપાના સાથે જુગાર રમી રમતા કુલ-૮ આરોપીઓ તથા જુગાર ચલાવનાર  હાજર નહી મળી આવેલ નાઓ વિરુધ્ધમાં જુગાર  ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

**આરોપીઓના નામ;-** (૧)ગણેશ મનબહાદુર રાજપુત ઉ.વ. ૩૮ રહેવાસી- સંતોષીનગરના છાપરા કુબેરનગર સરદારનગર  અમદાવાદ શહેર (૨) જીગ્નેશભાઇ ધીરૂભાઇ પટેલ ઉ વ- ૩૮ રહેવાસી- મ.ન.૧૪ ગોકુલ એપાર્ટમેન્ટ - ૨ દ્વારકેશધામ ઠક્કરબાપાનગર  અમદાવાદ શહેર  (૩) જીતેન્દ્રભાઇ ચેલારામ ગનવાણી ઉ વ- ૩૯ રહેવાસી- મ.ન. જે/૪૦૨ પ્રાન્તી આવાસ વોડાનામકાન કઠવાડા અમદાવાદ શહેર  (૪) મુકેશભાઇ રમેશભાઇ કેશવાણી ઉ વ-૩૦ રહેવાસી- મ.ન. ૬૬ નહેરૂનગર એફ વોર્ડ કેવલકચોરીની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર  (૫) પ્રહલાદસિહ બાપસિહ ઠાકોર ઉ વ- ૪૫ રહેવાસી- પીપળાવાળો વાસ ગામ તા દહેગામ ગાંધીનગર (૬) અશ્વીનભાઇ રામસિગ રાજપુત ઉ.વ. ૩૦ રહેવાસી- ઇન્દીરાનગર ગરીબ નગરના છાપરા એલ.બી.એસ.રોડ બાપુનગર અમદાવાદ શહેર  (૭) જોલવીન જોયલભાઇ ક્રિશ્ચેન ઉ વ- ૩૩ રહેવાસી- મ.ન. ૬૪૬/૪૧૭૮ ગુ.હા.બોર્ડ બાપુનગર અમદાવાદ શહેર  (૮) અલ્પેશભાઇ કનૈયાલાલ બારોટ ઉ વ- ૪૫ રહેવાસી- મ.ન. ડી/૨૦૨ પ્રાથના પરીસર એમ.એસ. સ્કુલની બાજુમાં હરીદર્શન ચાર રસ્તા અમદાવાદ શહેર

**હાજર નહી મળી આવેલ;-** વિશાલ નટવર છારા રહે.સંતોષીનગરના છાપરા

**મુદ્દામાલ;-** (૧) અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ્લે રૂપીયા-૧૫.૫૭૦/-

(૨) ગંજીપાના નંગ- ૫૦ કિંમત રૂ ૦૦/૦૦

(૩) મોબાઇલ ફોન નંગ-૬ કિ.રૂ.૧૮,૦૦૦/-

(૪) મો.સા.. ૩  કિ.રૂ. ૧,૦૫,૦૦૦/-

કુલ્લે મુદ્દામાલ;- ૧,૩૮,૫૭૦/-

**<u>કામગીરી કરનાર અધીકારી/કર્મચારી;-</u>** (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ (૩) હે.કો. ગૌતમભાઇ કચરાભાઇ બ.ન. ૯૩૬૫ (૪) પો.કો. કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ (૫) પો.કો. અનીલ ઇશ્વરભાઇ બ.ન.૭૩૦૨ (૬) લોકરક્ષક સંજયકુમાર જગદીશભાઇ બ.ન.૧૧૫૦૧ વિગેરે.



# <u>પાસાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૩૦.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા ભાટ ગામ છારાનગર નરોડા ગામ ખાતેથી અજાણ્યા ઈસમ પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવનાર તથા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાને એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુના જથ્થાની હેરાફેરીકરી દેશી દારુનુ વેચાણ કરનાર બહેન સુશીલાબેન કૈલાશભાઈ જેલીયાભાઈ રાઠોડ રહેવાસી-બ્લોક મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુશીલાબેન કૈલાશભાઈ જેલીયાભાઈ રાઠોડ રહેવાસી-બ્લોક મહાજનીયાવાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે ઝઘડો તકરાર કરી ઝપાઝપી કરી લાકડાના દંડા વડે માથામા ઈજા કરનાર તેમજ અન્ય કિસ્સામા ફરીયાદીને કેસ પાછુ ખેચી લેવાનુ કહી ગંદી ગાળો બોલી લાકડીથી ફટકો મારી માથામા ઈજા કરનાર માથાભારે અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રોનક જશુભાઈ બિહોલા રહેવાસી-૧૦૪ વ્રજ રેસીડેંસી હંસપુરા બિલાસીયા રોડ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રોનક જશુભાઈ બિહોલા રહેવાસી-૧૦૪ વ્રજ રેસીડેંસી હંસપુરા બિલાસીયા રોડ અમદાવાદ |

- આ ઉપરાંત શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી <u>**કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી**</u> તેઓને વડોદરા સુરત ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## રામોલ પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશનના આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૨૧/૨૦૨૦ તા.૩૦/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી વિજય ઉર્ફે લલ્લુ સ/ઓ સુદર્શન પાલ ઉ.વ.૨૭ ધંધો.વેપાર રહે.મ.નં.સી/૧૧ મુકતાનંદ સોસાયટી જામફળવાડી અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ ભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૩૦/૦૧/૨૦૨૦ ના ક.૨૧/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે

